પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૫ | ૧૬ એપ્રિલ, ૨૦૧૭, રવિવાર ; ચૈત્ર વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રાજ્યરાની એક્સપ્રેસના ૮ કોચ ખડી પડ્યા

## અનેકને ઈજા : ઈજાગ્રસ્તોને ૫૦ હજાર રૂપિયા આપવાની યોગીની જાહેરાત : અકસ્માતના કારણે દિલ્હી-લખનૌ રૂટ ઉપર ટ્રેન સેવા ખોરવાઈ : અનેક ટ્રેનો રદ કરાઈ : બરેલી જંકશન ઉપર મોટી સંખ્યામાં પ્રવાસીઓ અટવાઈ પડ્યા



બરેલી,તા. ૧૫

ઉત્તરપ્રદેશના રામપુરમાં કોસીના પુલ નજીક રાજ્યરાની ઈન્ટરસીટી એક્સપ્રેસ ટ્રેન નંબર-૨૨૪૫૪ આજે પાટા પરથી ખડી પડતા ઓછામાં ઓછા ૧૫ લોકોને ઈજા થઈ હતી. જે પૈકી કેટલાક યાત્રીઓને ગંભીર ઈજા થઈ હતી. ટ્રેનના આઠ કોચ પાટા પરથી ખડી પડ્યા હતા. આ ટ્રેન મેરઠથી લખનૌ જઈ રહી હતી. રેલવે સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ ટ્રેન દુર્ઘટનાના કારણોમાં તપાસ કરવા માટે તપાસના આદેશ આપી દીધા છે. જો કોઈપણ ભુલ દેખાશે તો કઠોર કાર્યવાહી કરવામાં આવશે. તપાસ એટીએસ દ્વારા કરવામાં આવશે. એટીએસની ટીમ અકસ્માત બાદ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને મામલામાં તપાસ હાથ ધરી હતી. રેલવે દ્વારા હેલ્પ લાઈન નંબરો પણ જારી કરવામાં આવ્યા હતા. બીજી બાજુ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રાજ્યરાની એક્સપ્રેસ ટ્રેન દુર્ઘટનામાં ગંભીર રીતે ઘાયલ થયેલા યાત્રીઓને ૫૦-૫૦ હજાર રૂપિયા અને નજીવી ઈજા પામેલા યાત્રીઓને ૨૫-૨૫ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી હતી. રેલવે દ્વારા પણ ઈજાગ્રસ્તોને ૫૦-૫૦ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હી એમસીડીની ચૂંટણી મોકુફ રાખવા કેજરીવાલની માંગ

નવી દિલ્હી,તા. ૧૫

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આગામી મ્યુનિસિપલ ચૂંટણીને લઈને પહેલાથી જ ફફડી ગયા છે. ઈવીએમ સાથે ચેડાંનું કારણ આપીને અરવિંદ કેજરીવાલે મ્યુનિસિપલ ચૂંટણી હાલ પુરતી મોકુફ રાખવા માટેની માંગ કરી છે. કેજરીવાલે કહ્યું છે કે જ્યાં સુધી ઈવીએમ સંપૂર્ણપણે વ્યવસ્થિત કરવારમાં ન આવે ત્યાં સુધી જુદા જુદા કારણોસર ચૂંટણીને મોકુફ રાખવામાં આવે તે જરૂરી છે. અરવિંદ કેજરીવાલે અગાઉ પણ આ પ્રકારની માંગણી કરી હતી. હાલમાં જ યોજાયેલી ગોવા અને પંજાબ વિધાનસભાની ચૂંટણીમાં એએપીને કારમી હારનો સામનો કરવો પડ્યો

● અનુસંધાન પાન-૭ પર

## ઓરિસ્સા જીતવા ભૂવનેશ્વરમાં ભાજપની રણનીતિ

ભુવનેશ્વર,તા. ૧૫

ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બેઠક આજે ઓરિસ્સાના પાટનગર ભુવનેશ્વરમાં અભૂતપૂર્વ ઉત્સાહ અને જીતના મક્કમ ઈરાદા સાથે શરૂ થઈ હતી. આ બેઠકમાં સામેલ થવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ બપોર બાદ પહોંચી ગયા હતા. રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી, ભાજપ અધ્યક્ષ અમિત શાહ, નાણામંત્રી અરૂણ જેટલી સહિતના નેતાઓ પણ પહોંચી ગયા હતા. વિધાનસભા ચૂંટણીમાં હાલમાં જ શાનદાર જીત મેળવી લીધા બાદ આ બેઠક ભુવનેશ્વરમાં યોજાઈ રહી છે.

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

### શ્રીનગરમાં ફારૂક અબ્દુલ્લાની જીત



શ્રીનગરની પેટા ચૂંટણીમાં નેશનલ કોન્ફરન્સના સુપ્રિમો ફારૂક અબ્દુલ્લાની શાનદાર જીત થઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે હિંસક અથડામણો વચ્ચે યોજાયેલી પેટા ચૂંટણીમાં ૭ ટકા જેટલુ મતદાન થયુ હતુ.

### અખિલેશ પણ રાષ્ટ્રીય ગઠબંધનમાં જોડાવા તૈયાર

ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે આગામી લોકસભા ચૂંટણી માટે ભાજપની સામે લડવા રાષ્ટ્રીય કક્ષાએ કોઈપણ ગઠબંધન થાય તો જોડાવાની તત્પરતા વ્યક્ત કરી છે.

### જાવેદ અખ્તરની પાકિસ્તાનને ચેતવણી



બોલીવુડના ગીતકાર અને લેખક જાવેદ અખ્તરે ભારતીય નૌસેનાના પૂર્વ અધિકારી કુલભૂષણ જાધવ મામલે પાકિસ્તાનને ચેતવણી આપી છે. તેમણે ટ્વીટ કરી પાકિસ્તાનને ભૂતકાળમાં થયેલા ભારત-પાક યુદ્ધના પરિણામો યાદ અપાવ્યા હતા.

**વેચવાનું છે**

ટેનામેન્ટ ફર્નિચર સાથે વેચવાનું છે. ગ્રાઉન્ડ ફ્લોર અને પ્રથમ માળે ત્રણ રૂમ, રસોડુ, બીજા માળે કેબીન રૂમ, બાથરૂમ, પ્લોટ-૧૧૫ વાર નેટ

૭૧૨, એકતા કોલોની, સેક્ટર-૨૭, ગાંધીનગર
મો. : ૯૯૭૪૯૪૦૭૮૭
સમય : ૯થી સાંજના ૭ સુધી

**સ્પે. ભાલીયા ઘઉંના ખાખરા**
શ્રી ભાગ્યલક્ષ્મી મહિલા ગૃહ ઉદ્યોગ
પ્લોટ નં. ૧૪૭, શોપીંગ સેન્ટરની બાજુમાં, સેક્ટર-૮, ગાંધીનગર
મો. ૯૫૭૪૫ ૬૪૯૩૬










